એચડીએફસી બૅન્ક ડિપોઝિટ અૅકાઉન્ટ્સ માટે સિટીઝન્સ ચાર્ટર

એચ ડી એફ સી બેંક

અમે સમજીએ છીએ તમારી દુનિયા.

પ્રસ્તાવના

બૅન્કના અગત્યનાં કાર્યોમાંનું એક છે ધિરાણ આપવા હેતુ જાહેર જનતા પાસેથી થાપણો સ્વીકારવી. હકીકતમાં, થાપણદાર બૅન્કિંગ વ્યવસ્થામાં મુખ્ય ભાગીદાર છે. ભારતમાં બૅન્કિંગ માટેના નિયામક માળખાના મુખ્ય ભાગરૂપે થાપણદાર અને એમના હિતને બૅન્કિંગ રેગ્યુલેશન ઍક્ટ, 1949માં પ્રસ્થાપિત કરવામાં આવ્યા છે. રિઝર્વ બૅન્ક ઑફ ઇંડિયા સમય-સમય પર થાપણોના નિયમન સંબંધિત થાપણોં પરનાં વ્યાજ દરો અને અન્ય પાસાઓ પર નિર્દેશો/સલાહો જારી કરવાની સત્તા ધરાવે છે. આર્થિક વ્યવસ્થામાં ઉદારીકરણ અને વ્યાજ દરોના વિનિયમનની સાથે બૅન્કો હવે આરબીઆઈ દ્વારા જારી કરવામાં આવેલી વ્યાપક માર્ગદર્શિકાઓની અંદર રહીને થાપણ ઉત્પાદનોની રચના કરવા માટે સ્વતંત્ર છે.

થાપણો પરનો આ નીતિ દસ્તાવેજ, ખાતાના વહીવટી સંચાલનાં નિયમો અને શરતો તથા બેન્ક દ્વારા ઑફર કરવામાં આવેલા વિવિધ થાપણ ઉત્પાદનોની રચના સંબંધિત માર્ગદર્શન કરતા સિદ્ધાંતોની એક રૂપરેખા આપે છે. આ દસ્તાવેજ થાપણદારોના અધિકારોની જાણ કરે છે અને એનું લક્ષ્ય જાહેર જનતા પાસેથી થાપણો સ્વીકારવી, વિવિધ થાપણ ખાતાનો વહીવટ અને સંચાલનો, વિવિધ થાપણ ખાતાઓ પરના વ્યાજની ચુકવણી, થાપણ ખાતાઓને બંધ કરવાં, મૃત્યુ પામેલા થાપણદારોના થાપણના નિકાલની પદ્ધતિ વગેરેના વિવિધ પાસાં સંબંધિત જાણકારીનો તેમના હિત માટે પ્રસાર કરવાનું છે. એવી અપેક્ષા છે કે આ દસ્તાવેજ વ્યક્તિગત ગ્રાહકો સાથેના વિનિમયમાં વધુ પારદર્શિતા લાવશે અને ગ્રાહકોમાં એમના અધિકારો બાબતમાં જાગૃતિ ફેલાવશે. આનો અંતિમ હેતુ એ છે કે ગ્રાહક કોઈ પણ માગણી કર્યા વિના એને જેનો અધિકાર છે એ સેવાઓ મેળવે.

આ દસ્તાવેજ એક વિશાળ ફલક ધરાવે છે જેના હેઠળ સામાન્ય થાપણદાર પોતાના અધિકારોથી વાકેફ થશે. વિવિધ ડિપોઝિટ સ્કીમો અને સંબંધિત સેવાઓ બાબતની વિસ્તૃત સંચાલનીય સૂચનાઓ સમય-સમય પર આપવામા આવશે. આ નીતિને અપનાવીને બૅન્ક ગ્રાહકો પ્રત્યેની બૅન્કની પ્રતિબદ્ધતાની આચારસંહિતામાં જણાવ્યા મુજબની વ્યક્તિગત ગ્રાહકો પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધાને પુનઃ દોહરાવે છે.

જમા ખાતાના પ્રકાર

બૅન્ક દ્વારા ઑફર કરાયેલી વિવિધ ડિપોઝિટોને વિવિધ નામો આપવામાં આવે છે, જ્યારે જમા ઉત્પાદનોનું મુખ્યત્વે નિમ્નલિખિત પ્રકારોમાં વર્ગીકરણ કરી શકાય છે. પ્રમુખ જમા યોજનાઓની વ્યાખ્યા નીચે મુજબ છેઃ

i) ''ડિમાન્ડ ડિપોઝિટ'' અર્થાત્ બૅન્ક દ્વારા મેળવવામાં આવેલી જમા રકમ માંગ કરવા પર ઉપાડી લેવાને પાત્ર છે.

ii) ''સેવિંગ્સ ડિપોઝિટ'' અર્થાત્ ડિમાન્ડ ડિપોઝિટનું એક રૂપ કે જે ઉપાડોની સંખ્યાના પ્રતિબંધને અને સાથે જ કોઈ નિર્દિષ્ટ અવધિ દરમિયાન બૅન્ક દ્વારા મંજૂર કરવામાં આવેલા ઉપાડોની રકમને પણ આધિન છે.

iii) ''ટર્મ ડિપોઝિટ'' અર્થાત્ એક નક્કી કરેલી મુદત માટે બૅન્ક દ્વારા મેળવવામાં આવેલી થાપણ કે જેને નક્કી કરેલી મુદત પૂરી થાય પછી જ ઉપાડી શકાય છે અને આમાં સમાવેશ છે રિકરીંગ/ડબલ બેનીફિટ ડિપોઝિટ્સ/શૉર્ટ ડિપોઝિટ્સ/ફિક્સ્ડ ડિપોઝિટ્સ/મન્થલી ઈન્કમ સર્ટિફિકેટ/કવૉર્ટરલી ઈન્કમ સર્ટિફિકેટ વગેરે.

iv) ''નોટિસ ડિપોઝિટ'' અર્થાત્ નક્કી કરેલી મુદત માટેની ટર્મ ડિપોઝિટ પરંતુ એને એક સંપૂર્ણ બૅન્કિંગ દિવસની નોટિસ આપ્યા પછી જ ઉપાડી શકાય છે.

v) ''કરંટ ઍકાઉન્ટ'' અર્થાત્ ડિમાન્ડ ડિપોઝિટનો એક એવો પ્રકાર કે જેમાં ઍકાઉન્ટમાં રહેલા બૅલેન્સને આધારે ગમે એટલી સંખ્યામાં અથવા કોઈખાસ સંમત કરવામાં આવેલી રકમનો ઉપાડ કરવા દેવામાં આવે છે અને એમાં અન્ય એવાં જમા ખાતાઓ પણ સામેલ હશ જે ના તો સેવિંગ્સ ઍકાઉન્ટ્સ છે કે ના ટર્મ ડિપોઝિટ;

ખાતું ખોલાવવું અને જમા ખાતાનું સંચાલન

A) કોઈપણ થાપણ ખાતું ખોલતાં પહેલાં બૅન્ક ''નૉ યૉર કસ્ટમર'' (કેવાયસી) માર્ગદર્શિકા, આરબીઆઈની અને અથવા બૅન્ક દ્વારા અપનાવવામાં આવેલા નિયમો અથવા પ્રક્રિયાઓ હેઠળ જરૂરી માહિતીઓ માગશે. જો સંભવિત જમા કર્તાનુ ખાતું ખોલવાના નિર્ણયમાં ઉચ્ચસ્તરથી કોઈપરવાનગીની જરૂર પડશે તો, ખાતું ખોલવામાં થનારા કોઈ વિલંબ માટેનાં કારણોની એને જાણ કરવામાં આવશે અને બૅન્કના આખરી નિર્ણયની એને જેમ બને એમ જલદી જાણ કરાશે.

B) બૅન્ક દ્વારા સંભંવિત થાપણદારને ખાતું ખોલવા માટેનું ફૉર્મ અને અન્ય સાહિત્ય આપવામાં આવશે. એમાં જરૂરી માહિતીની વિગતો તેમ જ વેરિફિકેશન અને /અથવા રેકૉર્ડ માટે રજૂ કરવાના દસ્તાવેજો જણાવેલ હશે. થાપણ ખાતું ખોલવા માટે જ્યારે સંભવિત થાપણદાર બૅન્કનો સંપર્ક સાધે ત્યારે ઍકાઉન્ટ ખોલવા માટેના બૅન્કના અધિકારી પાસે અપેક્ષા રાખવામાં આવે છે કે એ પ્રક્રિયા માટેની ઔપચારિકતા સમજાવશે અને એને જરૂરી સ્પષ્ટીકરણો પૂરાં પાડે.

C) બચત ખાતા અને ચાલુ ખાતા જેવાં થાપણ ઉત્પાદનો માટે બૅન્ક સામાન્ય રીતે આવાં ખાતાઓના સંચાલનનું નિયમન કરતાં કેટલાંક નિયમો અને શરતોના એક ભાગ રૂપે કેટલાંક ન્યૂનતમ/સરેરાશ બૅલેન્સોને જાળવી રાખવાનો આગ્રહ રાખે છે. ખાતામાં આ ન્યૂનતમ/સરેરાશ બૅલેન્સને જાળવી રાખવામાં જો એ નિષ્ફળ જશે તો સમય-સમય પર બૅન્ક દ્વારા નિર્દિષ્ટ ખર્ચ વસૂલ કરાશે. સેવિંગ્સ બૅન્ક ઍકાઉન્ટ માટે બૅન્ક આપેલી મુદત માટે ટ્રાન્ઝેક્શનોની સંખ્યા, રોકડ ઉપાડ વગેર પર પ્રતિબંધો પણ રાખી શકે છે. એ જ રીતે ચેક બુકો જારી કરવી, ઍકાઉન્ટ્સના વધારાના સ્ટેટમેન્ટને જારી કરવું, ડુપ્લિકેટ પાસ બુક, ફોલિઓ ચાર્જીસ વગેરે માટે ચાર્જીસ પણ નક્કી કરી શકે છે. ખાતાના સંચાલન માટે નિયમો અને શરતો સંબંધિત આવી વિગતો અને વિવિધ સેવાઓ માટેના ખર્ચની સારણી ખાતું ખોલાતી વખતે સંભવિત થાપણદારને જણાવવામા આવશે.

D) યોગ્ય વ્યક્તિ/વ્યક્તિઓ અને કેટલીક સંસ્થાઓ/એજન્સીઓ (સમય-સમય પર રિઝર્વ બૅન્ક ઑફ ઇંડિયા (આરબીઆઈ) દ્વારા આપવામાં આવેલી સલાહ અનુસાર) માટે બચત ખાતું ખોલાવી શકાશે. આ ખાતાઓ વ્યક્તિ વિશેષ (વ્યક્તિગત ગ્રાહકો)ને નાણાંની બચત કરવાની ટેવ કેડવવા અને નાણાંની ભવિષ્યની જરૂરિયાતો પૂરી કરવામાં મદદ મળે એ રીતે રચવામાં આવી છે. આ ખાતાઓમાંથી રકમોને ચેક્સ/એટીએમ વડે જમા કરાવી/ઉપાડ કરી શકાશે. આનાથી ગ્રાહકોને ઘરમાં ઓછામાં ઓછી રકમ રાખવામાં અને વ્યાજ કમાવામાં મદદ મળશે.

ચાલુ ખાતાઓ વ્યક્તિ/ભાગીદારી પેઢીઓ/પ્રાઈવેટ અને પબ્લિક લિમિટેડ કંપનીઓ / એચયુએફ / સ્પેસિફાઈડઍસોસિએટ્સ / સોસાયટીઓ/ટ્રસ્ટો વગેરે ખોલાવી શકશે.

ટર્મ ડિપોઝિટ ઍકાઉન્ટ્સ ઈન્ડિવિડચુઅલ્સ/ભાગીદારી પેઢીઓ/ખાનગી અને જાહેર કંપનીઓ/એચયુએફ/ સ્પેસિફાઈડ ઍસોસિએટ્સ/ સોસાયટીઓ/ટ્રસ્ટો વગેરે ખોલાવી શકશે. જિંદગીના દરેક તબક્કે રોકાણ કરનારી વ્યક્તિની અપેક્ષાઓ અને જરૂરિયાતો સાથે મેળ ખાય એ પ્રકારની વિવિધ થાપણ યોજનાની રચના કરી છે.

E) ડિપોઝિટ ઍકાઉન્ટ ખોલાવતી વખતે કેટલીક પ્રક્રિયાઓને અનુસરવું પડશે જેમાં વ્યક્તિની ઓળખનો પુરાવો, સરનામાની ચકાસણી, એના વ્યવસાય બાબતમાં સંતોષ પૂરો પાડવો અને એના આવકના સ્રોતની જાણકારી વગેરેનો સમાવેશ થાય છે. બૅન્ક પ્રક્રિયાના એક ભાગ રૂપે સ્વીકાર્ય વ્યક્તિ પાસેથી સંભંવિત જમાકર્તાનો પરિચય પ્રાપ્ત કરશે અને ખાતુ ખોલવનાર/ સંચાલન કરનાર વ્યક્તિ/ઓના તાજેતરના ફોટોગ્રાફ્સ મેળવશે.

F) કેવાયસીના નિયમો હેઠળની જરૂરિયાતો ઉપરાંત બૅન્ક કાયદેસર રીતે જરૂરી છે એ આવકવેરા કાયદા/કલમો હેઠળ નિર્દિષ્ટ પરમેનન્ટ ઍકાઉન્ટ નંબર (પૅન) અથવા જનરલ ઈન્ડેક્સ રજિસ્ટર (જીઆઈઆર) નંબર અથવા એ ના હોય તો વૈકલ્પિકપણે ફૉર્મ નં. 60 અથવા 61 હેઠળ નિવેદન માગશે.

G) થાપણ ખાતાને પોતાના નામે (દરઙ્કો: વ્યક્તિગત નામે ખાતા તરીકે ઓળખાય છે) વ્યક્તિ દ્વારા અથવા એક વ્યક્તિ કરતા વધારે વ્યક્તિઓ દ્વારા એમના નામોએ (દરઙ્કો: સંયુક્ત ખાતા તરીકે ઓળખાય છે) ખોલાવી શકાય છે. બચત ખાતું કુદરતી વાલી અથવા વાલીઓ તરીકે માતા સાથે સગીર વ્યક્તિ પણ (દરઙ્કો: માઈનર્સ ઍકાઉન્ટ તરીકે જાણીતું) ખોલાવી શકે છે. 12 વર્ષથી વધુની ઉંમરના સગીરોને પણ સ્વતંત્રપણે બચત ખાતું ખોલાવવાની અને સંચાલન કરવાની મંજૂરી અપાશે.

H) સંયુક્ત ખાતાનું સંચાલનઃ એકથી વધુ વ્યક્તિઓ દ્વારા ખોલવામાં આવેલા સંયુક્ત ખાતાને એકલ વ્યક્તિ અથવા સંયુક્તપણે એકથી વધુ વ્યક્તિઓ દ્વારા સંચાલન કરી શકાય છે. ખાતાનાં સંચાલન માટેના અધિદેશમાં તમામ ખાતાધારકોની સંમતિ વડે સુધારો-વધારો કરી શકાય છે. કુદરતી વાલી/વાલી સાથે સંયુક્તપણે સગીર દ્વારા ખોલાવેલા બચત ખાતાને માત્ર કુદરતી વાલી દ્વારા જ સંચાલન કરી શકાશે.

I) સંયુક્ત ખાતાધારકો ઉપરોક્ત ખાતામાંની બૅલેન્સના નિકાલ માટે નીચે જણાવ્યામાંનું કોઈપણ અધિદેશ આપી શકે છેઃ

i) કોઈ એક અથવા ઉત્તરજીવી : જો ખાતું બે વ્યક્તિના નામનું હોય, માનો કે, A અને B, તો જો લાગુ થવાપાત્ર હોય તો, વ્યાજ સહિતનું અંતિમ બૅલેન્સ, ખાતાધારકોમાંના કોઈએકનું મૃત્યુ થવા પર જે જીવંત હશે એને ચૂકવાશે.

ii) કોઈએક અથવા ઉત્તરજીવી /ઓ : જો ખાતું બેથી વધુ વ્યક્તિના નામનું હોય, માનો કે, A, B અને C, તો જો લાગુ થવાપાત્ર હોય તો, વ્યાજ સહિતનું અંતિમ બૅલેન્સ, ખાતાધારકોમાંના કોઈબેનું મૃત્યુ થવા પર જે જીવંત હશે એને ચૂકવાશે.

ઉપરોક્ત અધિદેશો જમા થાપણોની પરિપક્વતાની તારીખ અથવા એ પછી જ લાગુ થવાપાત્ર અથવા ઑપરેશનલ થશે. આ અધિદેશ માં બધા જ ખાતાધારકોની સંમતિથી સુધારા-વધારા કરી શકાશે.

J) જમાકર્તાની વિનંતીથી બૅન્ક પોતાના વતી અન્ય વ્યક્તિને ખાતાનું સંચાલન કરવા માટેની સત્તા આપતા અધિદેઈ/ મુખત્યારનામાની નોંધણી કરશે.

K) બાંધી મુદતની થાપણધારકો એમની થાપણોને મૂકતી વખતે પરિપક્વતાની તારીખે થાપણ ખાતાને બંધ કરવા બાબતની અથવા વધુ મુદત માટે થાપણને રિન્યૂ કરવા બાબતની સૂચનાઓ આપી શકે છે. બાંધી મુદતની થાપણના નિકાલની બાબતમા જો કોઈ લેખિત સૂચનાઓ આપવામાં આવી ના હોય તો બૅન્ક પરિપક્વ થયેલી થાપણની જેટલી મુદત હતી એટલી જ મુદત માટે પ્રવર્તમાન વ્યાજ દરે વ્યાજ સહિતની રકમને પોતાની મુનસફીથી રિન્યૂ કરવાનો અધિકાર સુરક્ષિત રાખે છે.

L) બૅન્ક બચત અને ચાલુ ખાતાધારકોને ખાતું ખોલવાનાં નિયમો અને શરતો અનુસાર સમયાંતરે ખાતાનું વિવરણ આપશે. બધા જ બચત ખાતાધારકોને પાસબુકની સગવડ નિઃશુલ્ક ઉપલબ્ધ છે.

M) જમાકર્તા વિનંતી કરે તો જમા ખાતાને અન્ય કોઈપણ શાખામાં સ્થાનાંતરિત શકાશે.

નામાંકનની સગવડ

બૅન્ક જમા ખાતા, સેફ ડિપોઝિટ લૉકરો, સેફ કસ્ટડીમાંની વસ્તુઓ વગેરે માટે નામાંકનની સગવડ આપે છે. વ્યક્તિ દ્વારા ખોલાવવામાં આવેલા બધા જ જમા ખાતા પર નામાંકનની સગવડ ઉપલબ્ધ છે. નામાંકન માત્ર એક જ વ્યક્તિની તરફેણમાં કરી શકાશે. કરવામાં આવેલા નામાંકનને ખાતાધારક/કો ચાહે ત્યારે રદ કરાવી શકે છે અથવા એમાં ફેરફાર કરાવી શકે છે. નામાંકન કરાવતી વખતે, એને રદ અથવા એમાં ફેરફાર કરાવતી વખતે જો ગ્રાહકે એના પર અંગૂઠાની છાપ લગાવી હશે તો એને બે સાક્ષીઓ દ્વારા સત્યાપિત કરાવવી પડશે. ખાતાધારક/કોની સંમતિથી નામાંકનમાં ફેરફાર થઈ શકે છે. સગીર હોય એ મુદત દરમિયાન અન્ય પુખ્ત વ્યક્તિનું ઍપોઇન્ટી(ઝ) નામ જોડાયેલું હોય એ શરતને આધિન રહીને સગીરની તરફેણમાં પણ નામાંકન કરી શકાય છે.

બૅન્ક ભલામણ કરે છે કે બધા જ જમાકર્તા નામાંકનની સગવડનો લાભ લે. જમાકર્તા/ઓ નું જો મૃત્યુ થાય તો એવા પ્રસંગે નામાંકિત કાયદેસરના વારસદારના ટ્રસ્ટીના તરીકે ખાતામાંની શેષ રકમ મેળવશે. જમા ખાતું ખોલતા સમયે જમાકર્તાને નામાંકનના ફાયદાની જાણ કરવામાં આવશે

વ્યાજની ચુકવણી

i) બચત ખાતાનાં વ્યાજ દરના વિનિયમનના રિઝર્વ બૅન્ક ઑફ ઇંડિયાના નિર્દેશ આધારે સમય-સમય પર બૅન્ક દ્વારા નિર્દિષ્ટ દરે બચત ખાતા પર વ્યાજ ચૂકવાશે. વ્યાજ રોજિંદા ગુણાંકના ધોરણે અર્ધ-વાર્ષિક ધોરણે ચૂકવાશે જે 1 એપ્રિલ 2010થી અમલી છે.

ii) રિઝર્વ બૅન્ક ઑફ ઇંડિયાના નિર્દેશોની શરતો અનુસાર, બાંધી મુદતની થાપણોના વ્યાજની ગણતરી ત્રિમાસિક સમયાંતરે કરાશે અને થાપણોની મુદતના આધારે બૅન્ક દ્વારા નક્કી કરાયેલા દરે ચૂકવાશે. માસિક થાપણ યોજનાના કિસ્સામાં વ્યાજની ગુતરી ત્રિમાસીક ધોરણે કરાશે અને વટા વના દરે દર મહિને ચૂકવાશે. બાંધી મુદતની થાપણો પરના વ્યાજની ગણતરી બૅન્ક દ્વારા ઈંડિયન બૅન્ક ઍસોસિએશન દ્વારા ઘડાયેલા સૂત્ર અને રૂપાંતરણો અનુસાર કરાશે.

iii) થાપણો પરના વ્યાજ દરોને શાખામાં સૌ વાંચી શકે એ રીતે પ્રદર્શિત કરાશે. થાપણ યોજનામાં અને અન્ય સંબંધિત સેવાઓમાં જો કોઈ પરિવર્તન થાય તો એને પણ સામેથી જણાવવામાં આવશે અને સૌ વાંચી શકે એ રીતે એને પ્રદર્શિત કરાશે.

iv) બૅન્ક વર્ષમાં ખરેખર કેટલા દિવસો છે એને આધારે વ્યાજની ગણતરી કરે છે. જો થાપણ લીપ યર અને નૉન-લીપ યરમાં વહેચાયેલી હોય તો એવા કિસ્સામાં વ્યાજની ગણતરી દિવસોની સંખ્યા અર્થાત્ લીપ યરમાં 366 દિવસ અને નૉન-લીપ યરમાં 365 દિવસના આધારે કરવામાં આવે છે.

v) આવકવેરા ધારા હેઠળ નિર્દિષ્ટ રકમથી જો વ્યક્તિએ ધારણ કરેલી બધી જ બાંધી મુદતની થાપણો પર ચૂકવેલું/ચૂકવવાપાત્ર કુલ વ્યાજ વધી જાય તો બૅન્ક મૂળ પર કર કપાત કરવાનો વૈધાનિક જવાબદારી ધરાવે છે. બૅન્ક કાપી લીધેલા કરની રકમ માટે કર કપાત પ્રમાણપત્ર (ટીડીએસ પ્રમાણપત્ર) જારી કરશે. જો થાપણદાર ટીડીએસમાંથી બાકાત રહેવાને પાત્ર હશે તો એ પ્રત્યેક નાણાકીય વર્ષની શરૂઆતમાં નિર્ધારિત ફૉર્મેટમાં નિવેદન જમા કરાવી શકે છે.

માઈનર્સ ઍકાઉન્ટ/સગીરનું ખાતું

i) સગીર બચત ખાતું ખોલાવી શકે છે અને એને કુદરતી વાલી અથવા સગીર દ્વારા જો એ 12 વર્ષથી વધુની ઉંમર ધરાવતો હોય તો સ્વયં સંચાલન કરી શકે છે. ખાતું સંયુક્તપણે પણ ખોલાવી શકાય છે.

ii) પુખ્ત થવા પર પૂર્વેના સગીરે પોતાની જમા રાશીની ખાતરી પણ કરવી જોઈએ અને જો ખાતાનું કુદરતી વાલી / વાલી દ્વારા સંચાલન કરાતું હોય તો કુદરતી વાલીએ ચકાસેલા પૂર્વેના સગીરના તાજા નમૂનાના હસ્તાક્ષરને મેળવી લેવા જોઈએ અને તમામ સંચાલનના હેતુસર એને રેકૉર્ડ પર લેવાં જોઈએ.

નિરક્ષર / અંધ વ્યક્તિનું ખાતું

બૅન્ક પોતાની મુનસફીથી અભણ વ્યક્તિનું ચાલુ ખાતું છોડીને જમા ખાતું ખોલી શકે છે. આવી વ્યક્તિનું ઍકાઉન્ટ એ શરતે ખોલી શકાય છે કે આ વ્યક્તિ બૅન્ક અને થાપણદાર, બંને વ્યક્તિને ઓળખતો હોય એવા સાક્ષીની સાથે બૅન્કનો વ્યક્તિગત રીતે સંપર્ક કરે. સામાન્ય રીતે આવા બચત ખાતા માટે કોઈ ચેક બુકની સગવડ આપવામાં આવતી નથી. ઉપાડ/થાપણ ની રકમ અને/અથવા વ્યાજની પુનઃ

ચુકવણી કરતી વખતે ખાતાધારકે અધિકૃત અધિકારીની હાજરીમાં પોતાના અંગૂઠાની છાપ અથવા નિશાન આપવું પડશે અને આ અધિકારી આ વ્યક્તિની ઓળખ તપાસશે. બૅન્ક ખાતાધારકને આપેલી પાસબુક વગેરેની યોગ્ય કાળજી લેવાની અને એને સલામત રાખવાની જરૂરિયાત સમજાવશે. જો ચક્ષુહિન વ્યક્તિ સાક્ષર હશે તો એટીએમ/ડેબિટ કાર્ડ, ચેક બુક વગેરેની સગવડો એને આપવામાં આવશે. બૅન્કનો અધિકારી ખાતાને સંચાલન કરવા માટેનાં નિયમો અને શરતો સમજાવશે.

સંયુક્ત ખાતાધારકોનાં નામ/મોનો ઉમેરો કરવો અથવા કાઢી નાંખવું

બૅન્ક તમામ ખાતાધારકોની વિનંતી પર જો સંજોગો વ્યક્તિગત જમાકર્તાને સમર્થન અથવા રજા આપે તો સંયુક્ત ખાતાધારક/કોના નામ/મોમાં વધારો કે ઘટાડો કરી શકે છે અને અન્ય વ્યક્તિનું સંયુક્ત ખાતા ધારક તરીકે નામ ઉમેરી શકે છે.

ગ્રાહકની જાણકારી

ગ્રાહકો પાસેથી એકઠી કરેલી ગ્રાહકની જાણકારીને બૅન્ક, એમની પેટાકંપની અને આનુષંગિક સેવાઓ અથવા ઉત્પાદનોના ક્રૉસ સેલિંગ માટે નહીં વાપરે. જો બૅન્ક આવી જાણકારીઓને વાપરવા માટેની દરખાસ્ત ધરાવતી હોય તો એ કડકપણે ખાતાધારકની સંમતિ પર જ થવું જોઈએ.

ગ્રાહકના ખાતાની ગોપનીયતા

બૅન્ક ગ્રાહકના ખાતાની વિગતો/વિગતોના ભાગ ત્રીજી વ્યક્તિ કે પક્ષ સમક્ષ અથવા ગ્રાહકની સ્પષ્ટ અથવા ગર્ભિત સંમતિ વગર છતી નહીં કરે. આમ છતાં, આમાં કેટલાક અપવાદો છે, જેમ કે કાયદાના દબાણ હેઠળ જાણકારીને છતી કરવી, જ્યાં જનતાને જણાવવાની ફરજ હોય અને બૅન્કના હિતમાં એને છતી કરવાની આવશ્યકતા ઊભી થાય.

પાકતી મુદત પહેલાં બાંધી મુદતની થાપણને ઉપાડી લેવી

થાપણદાર જો બૅન્કને વિનંતી કરે તો બૅન્ક થાપણ મૂકતી વખતે સંમત થયેલા નિયમો મુજબ થાપણની મુદત પૂરી થાય એ પહેલાં બાંધી મુદતની થાપણને ઉપાડી લેવાની મંજૂરી આપશે. પ્રેફરેન્શ્યલ દરો હેઠળ બુક કરાયેલ બાંધી મુદતની થાપણો માટે આંશિક ઉપાડ કરવાની મંજૂરી આપવામાં આવતી નથી.

મુદત પાક્યા પહેલાં ડિપોઝિટોને બંધ કરવા માટે લાગુ થવાપાત્ર વ્યાજ દર નિમ્નથી નીચા હશે:

- મૂળ/કરાર પ્રમાણેની મુદત માટેના આધાર દર કે જેના માટે થાપણ નક્કી કરાઈ હતી અથવા
- એ મુદત માટે લાગુ થવાપાત્ર આધારદર કે જેના માટે થાપણ બૅન્કમાં ચાલુ છે.

આધાર દર એ દર છે જે થાપણની બુકિંગની તારીખ પર રૂ. 1 કરોડથી ઓછીની થાપણો પર લાગુ થવાપાત્ર છે.

>5 કરોડની થાપણો માટે આધાર દર એ દર છે જે થાપણની બુકિંગની તારીખ પર રૂ. 5 કરોડની થાપણો પર લાગુ થવાપાત્ર છે.

સ્વીપ-ઈન્સ અને આશિંક ઉપાડો સહિત આવા મુદત પાક્યા પહેલાંના ઉપાડો પર બૅન્ક લાગુ થવાપાત્ર દરો પર 1%ની દંડ વસૂલ કરશે.

ચડત બાંધી મુદતની થાપણોનું નવીનીકરણ

જ્યારે બાંધી મુદતનીથાપણને નવીનીકરણ કરવામાં આવે છે ત્યારે પરિપક્વ થયેલી તારીખ પર લાગુ થવાપાત્ર હોય અને થાપણદાર દ્વારા નિર્દિષ્ટ મુદત માટે નવીનીકરણ કરેલી થાપણ માટે જે વ્યાજ દર હોય એ લાગુ થશે. જો નવીનીકરણ કરવા માટેની વિનંતી પરિપક્વ થયા પછી મળશે તો આવી ચડત થયેલી થાપણોને ડ્યૂ થતી તારીખના રોજ જે વ્યાજ દર લાગુ થવાપાત્ર હોય એ વ્યાજ દર લેખે પરિપક્વતાની તારીખથી અમલમાં આવે એ રીતે રિન્યૂ કરાશે, પરંતુ એ માટે શરત એટલી કે આવી વિનંતી પરિપક્વતાની તારીખથી 14 દિવસની અંદર મળવી જોઈએ. જો ચડત થાપણોને પરિપક્વતાની તારીખથી14 દિવસ પછી રિન્યૂ કરાવાશે તો ચડત સમયગાળા માટેનું વ્યાજ સમય-સમય પર બૅન્ક દ્વારા નક્કી કરાતા દરોએ ચૂકવાશે.

થાપણો સામે ધિરાણ

બૅન્ક આવશ્યક સુરક્ષા દસ્તાવેજોને અમલી બનાવીને થાપણદાર/રો દ્વારા ડિસ્ચાર્જ કરેલી બાંધી મુદતની થાપણોની સામે ધિરાણ/ઓવરડ્રાફ્ટની સગવડ માટે થાપણદાર/રોની વિનંતીઓ પર વિચારણા કરી શકે છે. બૅન્ક સગીરના નામે રહેલી થાપણ સામે પણ લોન માટે વિચારણા કરી શકે છે. આમ છતાં, યોગ્ય ઘોષણાપત્રમાં એમ જણાવવું જરૂરી છે કે લોન સગીરના લાભ માટે છે અને આવો ઘોષણાપત્ર થાપણદારે/અરજદારે આપવો પડશે.

મૃત્યુ પામેલી વ્યક્તિના થાપણ ખાતામાંના લેણાંની પતાવટ

i) જો થાપણદારે બૅન્કમાં નામાંકિતનું નામ નોંધાવેલું હશે તો મૃત થાપણદારના ખાતામાં રહેલા બૅલેન્સને નામાંકિતની ઓળખ બાબતમાં બૅન્ક સંતુષ્ટ થાય વગેરે પછી નામાંકિતના ખાતામાં તબદીલ કરાશે/ચૂકવાશે.

ii) જ્યાં બૅન્કમાં નામાંકિતની નોંધણી કરાવવામાં આવી હોય ત્યાં સંયુક્ત ખાતાના સંદર્ભમાં પણ ઉપરોક્ત પ્રક્રિયાને જ અનુસરવામાં આવશે.

iii) સંયુક્ત થાપણ ખાતામાં જ્યારે સંયુક્ત ખાતાધારકોમાંના કોઈ એકનું મૃત્યુ થાય તો બૅન્ક મૃત્યુ પામેલી વ્યક્તિ અને જીવંત રહી ગયેલા થાપણદાર/રોના કાયદેસરના વારસદારોને સંયુક્તપણે ચુકવણી કરશે. આમ છતાં, સંયુક્ત ખાતાધારકોએ ખાતામાંના સિલકને નિકાલ કરવા માટે આ સ્વરૂપમાં જેમ કે ''આઈધર ઓર સર્વાઈવર, ફૉર્મર ઓર સર્વાઈવર, ફૉર્મર/લેટર ઓર સર્વાઈવર, એનીવન ઑફ સર્વાઈવર્સ ઓર સર્વાઈવર, વગેરે'' મેનડેટ આપ્યું હશે તો મૃતકના વારસદારો દ્વારા કાયદેસરના કાગડોની રજૂઆતમાં વિલંબને ટાળવા ચુકવણી મેનડેટ અનુસાર કરાશે.

iv) જો નામાંકન કરવામાં આવ્યું ના હોય અને જો દાવો કરનારાઓની વચ્ચે કોઈ વિવાદો ના હોય તો બૅન્ક મૃતકનાખાતામાંની બાકી રકમ તમામ કાયદેસરના વારસદારો દ્વારા કરવામાં આવેલી સંયુક્ત અરજીની સામે અથવા બૅન્કના બોર્ડ દ્વારા મંજૂર કરાયેલી સીમા સુધી કાયદેસરના દસ્તાવેજોનો આગ્રહ રાખ્યા વિના એમના વતી ચુકવણી પ્રાપ્ત કરવા માટે કાયદેસરના વારસદારો દ્વારા મેનડેટ કરાયેલી વ્યક્તિને ચૂકવશે. આનાથી ખાતરી રહેશે કે કાયદેસરની ઔપચારિકતા પૂરી કરવામાં વિલંબ થવાને કારણે સર્વસામાન્ય થાપણદારને તકલીફનો સામનો કરવો ના પડે.

મૃતકના ખાતામાં બાંધી મુદતની થાપણ પર ચૂકવવાપાત્ર વ્યાજ

i) થાપણની પરિપક્વતાની તારીખ પહેલાં ડિપોઝિટરનું મૃત્યુ થાય અને થાપણની રકમનો દાવો પરિપક્વતાની તારીખ પછી કરવામાં આવે તો એવા કિસ્સામાં બૅન્ક પરિપક્વતાની તારીખ સુધી કરારના દરે વ્યાજ ચૂકવશે. પરિપક્વતાની તારીખથી લઈને ચુકવણીની તારીખ સુધી, બૅન્ક આ સંબંધમાં બૅન્કની નીતિ અનુસાર, પરિપક્વતાની તારીખ પછી જેટલા દિવસ સુધી બૅન્ક પાસે જેટલા દિવસ સુધી થાપણ રહી હોય એટલી મુદત માટે લાગુ થવાપાત્ર દર અનુસાર સાદું વ્યાજ ચૂકવશે.

ii) આમ છતાં, થાપણની પરિપક્વતાની તારીખ પછી જો થાપણદારનું મૃત્યુ થાય તો એવા કિસ્સામાં બૅન્ક પરિપક્વતાની તારીખથી ચુકવણીની તારીખ સુધી બચત થાપણનાં દરે (પરિપક્વતાની તારીખના રોજના દરે) વ્યાજ ચૂકવશે.

થાપણો માટે વીમા સુરક્ષા

કેટલીક સીમાઓ અને શરતોને આધિન ડિપોઝિટ ઈન્શ્યૉરન્સ ઍન્ડ ક્રેડિટ ગૅરંટી કૉર્પોરેશન ઑફ ઇંડિયા (ડીઆઈસીજીસી) દ્વારા બધી જ બૅન્ક થાપણોને વીમા યોજના હેઠળ આવરી લેવામાં આવી છે. હાલ અમલી વીમા સુરક્ષાની વિગતો થાપણદારોને ઉપલબ્ધ કરાશે.

ચુકવણી અટકાવવાની સગવડ

થાપણદારોદ્વારા જારી કરાયેલા ચેકોના સંદર્ભમાં એમની પાસેથી ચુકવણી અટકાવવાની સૂચના બૅન્ક સ્વીકારશે. આ માટે નિર્દિષ્ટ ખર્ચ વસૂલ કરાશે.

નિષ્ક્રિય ખાતાઓ

ગ્રાહક દ્વારા જે બચત અને ચાલુ ખાતાને સતત 2થી વધુ વર્ષ સુધી સંચાલીત કરવામાં ના આવ્યાં હોય (વ્યાજ જમા/વ્યાજ કપાત જેવા સિસ્ટમ જનરેટેડ ટ્રાન્ઝેક્શનોને છોડીને) એને બૅન્ક અને થાપણદારના હિતમાં ડૉર્મન્ટ (નિષ્ક્રિય) ખાતા ગણવામાં આવશે. થાપણદાર એને સંચલીત કરવા માટે ખાતાને સક્રિય કરવા માટે બૅન્કને વિનંતી કરી શકે છે.

સ્થાયી સૂચનાઓ

એક ખાતામાંથી એ જ શાખા કે બૅન્કની કોઈ અન્ય શાખામાં રહેલા ખાતામાં ભંડોળને તબદીલ/ભરણું કરવા માટે બૅન્કને સ્થાયી સૂચનાઓ આપી શકાશે.

સીધા ઉધાર

બૅન્ક ગ્રાહકના ખાતામાં ''સીધા ઉધાર'' દ્વારા સમાયિક ચુકવણી કરી આપવા ઇલેક્ટ્રૉનિક ક્લિયરીંગ સર્વિસ (ઈસીએસ) ઑફર કરે છે. આ સગવડ મુખ્યત્વે યુટિલિટી બિલ્સની ચુકવણી/લોન્સના ઈએમઆઈ/ઈન્શ્યૉરન્સ પ્રીમિયમ/મુચ્યુઅલ ફંડોમાં રોકાણો, વગેરે માટે વાપરવા અર્થે છે. ઈસીએસ સગવડની વિગતો બધી જ શાખાઓમાં ઉપલબ્ધ છે.

સેફ ડિપોઝિટ લૉકર્સ

આ સગવડ બૅન્કની બધી જ શાખાઓ દ્વારા પ્રદાન કરવામાં નથી આવી અને જ્યાં પણ આ સગવડ પ્રદાન કરવામાં આવી છે ત્યાં સેફ ડિપોઝિટ વૉલ્ટની ફાળવણી એની ઉપલબ્ધતા અને સેવા સાથે જોડાયેલાં અન્ય નિયમો અને શરતોની પૂર્તિ કરવાને આધિન છે. સેફ ડિપોઝિટ લૉકરોને વ્યક્તિ (સગીર ના હોવો જોઈએ) એકલ અથવા અન્ય વ્યક્તિ (ઓ)ની સાથે સંયુક્તપણે ભાડે લઈ શકે છે અને એને એચયુએફ, ફર્મ્સ, લિમિટેડ કંપનીઓ, ઍસોસિએટ્સ, સોસાઈટીઓ, ટ્રસ્ટ્સ વગેરે પણ ભાડે લઈ શકે છે. એકલ અથવા સંયુક્તપણે લૉકર્સ ધરાવતા વ્યક્તિ (ઓ)ને માટે નામાંકિતની સગવડ ઉપલબ્ધ છે. સંયુક્ત નામે લૉકર્સ ધરાવનારાઓના સંદર્ભમાં બે સુધીના નામિતોની નિમણૂંક થઈ શકે છે. સંયુક્ત લૉકરધારકો થાપણ ખાતામાં છે એ રીતે બેમાંથી એક ધારકનું મૃત્યુ થાય તો એવા પ્રસંગે લૉકર્સ એક્સેસ કરવા માટે મેનડેટ આપી શકે છે. નામાંકિત અથવા મેનડેટની ગેરહાજરીમાં લૉકરોમાં રહેલી ચીજવસ્તુઓના નિકાલ માટે, કૉમન વ્યક્તિઓની તકલીફ ટાળવા માટે, બૅન્ક થાપણ ખાતામાં છે એ રીતે ઈન્ડેમ્નિટીની સામે કાયદેસરના વારસદારની સામે લૉકરમાં રહેલી ચીજ-વસ્તુઓ રિલીઝ કરશે.

ફરિયાદો અને તકરારોનું નિવારણ

જો બૅન્ક દ્વારા પૂરી પડાતી સેવાઓ બાબતમાં થાપણદારોને કોઈ ફરિયાદ/તકરાર હોય તો ગ્રાહકની ફરિયાદ/તકરારોને હાથધરવા માટે બૅન્ક દ્વારા નીમાયેલા સત્તાવાળા(ઓ)નો સંપર્ક કરવાનો અધિકાર ધરાવે છે. ફરિયાદો/તકરારોના નિવારણ માટે આંતરિક માળખાની વિગતોને શાખાની અંદર પ્રદર્શિત કરાશે. શાખાનો અધિકારી ફરિયાદ નોંધવવાની પ્રક્રિયા બાબતની બધી જ આવશ્યક જાણકારી પૂરી પાડશે. જો થાપણદાર ફરિયાદની તારીખથી એક મહિનાની અંદર બૅન્ક તરફથી કોઈ પ્રતિસાદ નહીં મેળવે તો એ રિઝર્વ બૅન્ક ઑફ ઇંડિયા દ્વારા નિયુક્ત બૅન્કિંગ ઑમ્બુસમેનનો સંપર્ક કરવાનો અધિકાર ધરાવે છે.

ચેક કલેક્શન અને બહારગામના (આઉટસ્ટેશન) ચેકના ત્વરિત ક્રેડિટ વિશેની નીતિ અને પ્રક્રિયા

1. લોકલ ચેક

સ્થાનિક (લોકલ) ચુકવવાપાત્ર બધા ચેક અને અન્ય નેગોશિએબલ ઇન્સ્ટ્રૂમેંટ્સ જે તે કેન્દ્રો ખાતે પ્રવર્તમાન ક્લીઅરિંગ સિસ્ટમ મારફત રજૂ કરવામાં આવશે. શાખાના કાઉન્ટરો પર જમા કરાયેલા અને નિર્દિષ્ટ કટ ઑફ સમય પહેલા શાખા પરિસરમાં મૂકેલા કલેક્શન બૉક્સમાં જમા કરેલા ચેક એજ દિવસે ક્લીઅરિંગ માટે રજૂ કરવામાં આવશે. કટ ઑફ સમય શાખા દર શાખા અલગ અલગ હોય છે. ગ્રાહકોના હિત માટે લાગુ કટ-ઑફ સમય ચેક ડ્રોપ બૉક્સ પર અને શાખાઓમાં દર્શાવવામાં આવ્યો છે.

કટ ઑફ સમય પછી જમા કરાયેલા અને શાખા પરિસરની બહાર મૂકેલા કલેક્શન બૉક્સ સહિત ઑફસાઇટ એટીએમમાં નાખેલા ચેક ત્યાર પછીના ક્લીઅરિંગ સાઇકલમાં રજૂ કરવામાં આવશે. અમે ગ્રાહકના ખાતાને ક્લિયરીંગ સેટલમેન્ટમાં જેટલો સમય લાગે ત્યારથી એ જ દિવસે અથવા વધુમાં વધુ ત્યાર પછીના કામકાજના દિવસ સુધીમાં ક્રેડિટ આપીશું. આ રીતે જમા કરેલી રકમના ઉપાડ (વિડ્રોઅલ)ની પરવાનગી ક્લીઅરિંગ હાઉઝના ચેક રિટર્ન મુજબ આપવામાં આવશે.

2. બહારગામના ચેક

બહારગામના (આઉટસ્ટેશન) ચેકની રકમ ગ્રાહકના ખાતામાં નીચે જણાવેલા સ્વીકૃત ધોરણો અનુસાર જમા (ક્રેડિટ) કરવામાં આવશે.બહારગામના કેન્દ્રો ખાતે અન્ય બૅન્કો પર લખાયેલા ચેક સામાન્ય રીતે આ કેન્દ્રો પર આવેલી બૅન્કની શાખાઓ મારફત મેળવવામાં આવશે. બૅન્ક જ્યાં તેની પોતાની શાખા (બ્રાન્ચ) ન ધરાવતી હોય ત્યાં ઇન્સ્ટ્રૂમેંટ કલેક્શન માટે સીધું જ પ્રાપ્તકર્તા (ડ્રોઇ) બૅન્કને મોકલવામાં આવશે અથવા પ્રતિનિધિ બૅન્ક મારફત મેળવવામાં આવશે. બૅન્ક આરબીઆઇ દ્વારા પૂરી પાડવામાં આવતી નેશનલ ક્લીઅરિંગ સર્વિસીસનો પણ એ કેન્દ્રો પર ઉપયોગ કરશે જ્યાં આવી કલેક્શન સેવાઓ પ્રવર્તમાન હોય. બહારગામના કેન્દ્રો ખાતેની બૅન્ક બ્રાન્ચ પર લખાયેલા ચેક ઇન્ટર-બ્રાન્ચ ગોઠવણની વ્યવસ્થા દ્વારા મેળવવામાં આવશે.

1. એચડીએફસી બૅન્ક જ્યાં બ્રાન્ચ ધરાવતી હોય એવા મેટ્રો/નૉન-મેટ્રો શહેરો પર લખાયેલા ચેક માટે ચોખ્ખું ફંડ પ્રાપ્ત થવા પર જ ક્રેડિટ આપવામાં આવશે. ફંડ્સ ગ્રાહકના એકાઉન્ટમાં દિવસમાં એકવાર દિવસની ક્રેડિટ છૂટી કરવાની શરૂઆતના ભાગ રૂપે ક્રેડિટ કરવામાં આવશે.

   a. મુખ્ય મેટ્રો (મુંબઈ, ચેન્નઇ, કોલકાતા, નવી દિલ્હી) વચ્ચે અન્ય બૅન્કના ચેકનું કલેક્શન: કલેક્શન માટે 7 કાર્યકારી દિવસ.

   b. મેટ્રો સેન્ટરો અને રાજ્યની રાજધાની (ઉત્તર-પૂર્વીરાજ્યો અને સિક્કિમ સિવાયના): વધુમાં વધુ મુદત 10 કાર્યકારી દિવસ.

   c. અમે શાખા (બ્રાન્ચ) ધરાવતા હોઈએ એવા અન્ય બધા સેન્ટરોમાં: વધુમાં વધુ મુદત 14 કાર્યકારી દિવસ.

2. બ્રાન્ચ ન ધરાવતા સ્થળો કે જ્યાં અમે પ્રતિનિધિ બૅન્ક સાથે જોડાણ ધરાવીએ છીએ અને જ્યાં અમે પ્રતિનિધિ બૅન્ક સાથે જોડાણ ન ધરાવતા હોઈએ એવા સ્થળો પર લખાયેલા ચેક : વધુમાં વધુ 14 કાર્યકારી દિવસ.

   ઉપરોક્ત પર દરેક ઉત્પાદો માટેના શેડ્યૂલ ઑફ ચાર્જિસમાં સમયાંતરે નિર્દિષ્ટ કરાયેલા ખર્ચ લાગુ થશે.

   * કાર્યકારી દિવસ - કાર્યકારી દિવસ એટલે કે શનિવાર, રવિવાર તેમ જ સંબંધિત સેન્ટરો પરના બૅન્ક હૉલિડેઝ સિવાયના દિવસ.

3) સ્પીડ ક્લિયરીંગ

રિઝર્વ બૅન્ક ઑફ ઇંડિયાએ ''સ્પીડ ક્લિયરીંગ'' નામે એક નવી ક્લિયરીંગ વ્યવસ્થાની શરૂઆત કરી છે જેનો હેતુ છે બૅન્કોમાં કોર બૅન્કિંગ સોલ્યુશન (સીબીએસ)ના અમલીકરણથી પેદા થતા ટેકનોલૉજીકલ લાભમાં વધારો કરીને બહારગામના ચેકોના કલેક્શન માટેના સમયમાં ઘટાડો કરવો.

નવી ક્લિયરીંગ વ્યવસ્થા જે સગવડ પૂરી પાડે છે એ છે સ્વયં સ્રોત/ડિપોઝિટના સ્થળે જ બહારગામના ચેકોનું ક્લિયરન્સ થઈ જાય છે અને જે-તે ડેસ્ટિનેશન/ડ્રૉયીના સ્થળે પ્રત્યક્ષ ચેકોને લઈ જવાની જરૂર નહીં પડે. ચુકવણીની સંપૂર્ણ પ્રક્રિયામાં સામેલ છે ગ્રાહકના ખાતામાં ડેબિટ કરવાનું અને હસ્તાક્ષરની ચકાસણીનું કામ ડિપોઝિટ સ્થળની શાખા દ્વારા જ હાથ ધરવામાં આવે છે. જાન્યુઆરી 01, 2010થી અમલમાં આવે એ રીતે એચડીએફસી બૅન્કે બધાં જ સ્થળોએ સ્પીડ ક્લિયરીંગને અમલી બનાવી છે.

4. વિદેશોમાં ચુકવવાપાત્ર ચેક

બૅન્ક શાખા કામગીરી (અથવા સબ્સિડીયરી ઇત્યાદિ મારફત બૅન્કિંગ ઑપરેશન્સ) ધરાવતી હોય એવાં વિદેશી સેન્ટરો પર ચુકવવાપાત્ર ચેક તે ઑફિસ મારફત મેળવવામાં આવશે. પ્રતિનિધિ બૅન્કની સેવાઓનો ઉપયોગ એ દેશ/સેન્ટરો પર કરવામાં આવશે જ્યાં પ્રતિનિધિ ઉપસ્થિતિ ધરાવતા હોય. બૅન્ક અથવા તેના પ્રતિનિધિ જ્યાં પ્રત્યક્ષ હાજરી ન ધરાવતા હોય એવા વિદેશી બૅન્કોના સેન્ટરો પર લખાયેલા ચેક અમુક કિસ્સાઓમાં સીધા ડ્રોઇ બૅન્કને મોકલવામાં આવશે, જેથી કોઇ એક પ્રતિનિધિ બૅન્ક સાથે જાળવવામાં આવેલા બૅન્કના સંબંધિત નોસ્ટ્રો ખાતામાં રકમ જમા કરી શકાય.

પ્રચલિત હોય એવી મુખ્ય કરન્સીઓ (ચલણ) નો ફ્લોટિંગ પીરિયડ નીચે દર્શાવવામાં આવ્યો છે.

કરન્સી	સામાન્ય ફ્લોટિંગ પીરિયડ
USD ચેક -	ન્યુયૉર્કમાં ચુકવવાપાત્ર ચેક માટે ચેકની વેલ્યૂ તારીખથી 5 આંતરરાષ્ટ્રીય કાર્યકારી દિવસો
	ન્યૂયૉર્કની બહાર ચુકવવાપાત્ર ચેક માટે ચેકની વેલ્યૂ તારીખથી 16 આંતરરાષ્ટ્રીય કાર્યકારી દિવસો
GBP ચેક -	વેલ્યૂ તારીખથી 14 આંતરરાષ્ટ્રીય કાર્યકારી દિવસો
EURO ચેક -	ફ્રેન્કફર્ટમાં ચુકવવાપાત્ર ચેક માટે વેલ્યૂ તારીખથી 2-જો આંતરરાષ્ટ્રીય કાર્યકારી દિવસ.
	ફ્રેન્કફર્ટની બહાર ચુકવવાપાત્ર ચેક માટે વેલ્યૂ તારીખથી 15 આંતરરાષ્ટ્રીય કાર્યકારી દિવસો.
AUD ચેક -	વેલ્યૂ તારીખથી 10 આંતરરાષ્ટ્રીય કાર્યકારી દિવસો
CAD ચેક -	વેલ્યૂ તારીખથી 11 આંતરરાષ્ટ્રીય કાર્યકારી દિવસો

- વેલ્યૂ તારીખ અમારા નોસ્ટ્રો ખાતામાં જમા થયાની તારીખ છે.
- ગ્રાહકના ખાતામાં ક્રેડિટ મળ્યાની તારીખે પ્રવર્તમાન કાર્ડ રેટ લાગુ એક્સચેંજ દર ગણાશે.
- પાકતી (ડ્યૂ) તારીખ એ નોસ્ટ્રો ખાતામાં જમાં મળ્યાની વેલ્યૂ તારીખ ઉપરાંત ઉપર જણાવ્યા મુજબ સામાન્ય ફ્લોટિંગ પીરિયડ છે.
- ગ્રાહકનું ખાતામાં જમા થાય ત્યાં સુધીના સમય માટે અમારા નોસ્ટ્રો ખાતામાં સાઈટિંગ ક્રેડિટની તારીખથી ચેકના મૂલ્ય પર (બચત બૅન્ક દર મુજબ) ગ્રાહકને વ્યાજ ચૂકવીશું.

નોંધઃ

ડ્રૉયી દેશોમાં ચેક કલેક્શન સંબંધિત પ્રવર્તમાન ક્લિયરીંગ નિયમો/કાનૂનો અનુસાર, ગમે એ કારણોસર, કે જેમાં સામેલ છે પરંતુ જેની સીમા નથી એ ''અપૂરતું ફંડ્સ'', ''અૅકાઉન્ટ બંધ'', ''ફ્રૉડ્યુલન્ટ ચેક્સ'' વગેરે માટે ફ્લોટિંગ પીરિયડ પછી થાપણદારના ખાતામાં રકમને જમા કર્યા પછી પણ, ભારતની બહાર આવેલી એને લગતી બૅન્કા મારફત પેયી બૅન્ક કલેક્શન માટે મોકલાવેલ ફૉરિન કરન્સી ચેક/ઈન્સ્ટ્રુમેન્ટને પરત કરી શકે છે. ચેક પરતના આવા કિસ્સામાં પેયી બૅન્ક પરત થયેલા ચેકની રકમ, એચડીએફસી બૅન્કના નોસ્ટ્રો અૅકાઉન્ટને ડેબિટ કર્યા દ્વારા અગાઉ ક્રેડિટ કરાયેલ રકમને રિકવર કરે છે. એચડીએફસી બૅન્ક રકમને જમા કર્યાની તારીખથી લઈને ડિપોઝિટર પાસેથી રિકવર કરેલી રકમની તારીખ સુધી ખર્ચ અને ઓવરડ્યૂ થયેલ દર લેખે વ્યાજ સહિત (પ્રવર્તમાન એક્સચેંજ દર લેખે) તરત જ રિટર્ન થયેલા ચેકની રકમની સીમા સુધી થાપણદારના ખાતાને ઉધાર કરવાનો અધિકાર ધરાવે છે.

ફૉરિન કરન્સી ચેકોની ત્વરિત ચુકવણી :

આ કરન્સીઓ માટે USD 100 અથવા સમમૂલ્યના ફૉરિન કરન્સી ચેકો માટે ઈન્સ્ટંટ ક્રેડિટ પૂરી પડાશેઃ USD, GBP, EURO, CAD અને AUD

જે ખાતાનું વર્તન સંતોષજનક હશે અને જે ગ્રાહક નિમ્ન યોગ્યતાના માપદંડને પૂરો કરશે એને આધિન રહીને FCY ચેકની ત્વરિત ચુકવણી કરાશે :

- USD, GBP, EURO, CAD અને AUD કરન્સીઓ માટે (જમાની તારીખે) USD 100 અથવા એની સમકક્ષથી ચેકનું મૂલ્ય વધવું ના જોઈએ.
- લાભ પ્રાપ્તકર્તાનું ખાતું ઓછામાં ઓછું 12 મહિના જૂનું હોવું જોઈએ.
- છેલ્લા 6 મહિનાઓમાં ગ્રાહકના ખાતામાં ગ્રાહક દ્વારા જારી કરવામાં આવેલ શૂન્ય ચેક રિટર્ન્સ.
- છેલ્લા 2 ક્વાર્ટર્સમાં પ્રૉડક્ટ દ્વારા ઑફર કર્યા અનુસારનું સરેરાશ ત્રૈમાસિક સિલક જાળવી રાખવું પડશે.
- ઓવરડ્રાફ્ટ/લોન ખાતાને ત્વરિત ચુકવણીની સગવડ આપવામાં નહીં આવે.
- અગાઉ ત્વરિત ચુકવણી હેઠળ ખરીદવામાં આવેલો ચેક આઉટસ્ટેન્ડીંગ/કલેક્શન માટે પેન્ડિંગ અથવા રિટર્ન્ડ અનપેઈડ ના હોવો જોઈએ.
- આ સગવડ માત્ર એ જ ચેકોને આપવામાં આવશે જે કરન્સીમાં ચૂકવવાપાત્ર છે અને ફૉરિન કરન્સી ચેકોના કલેક્શન માટે એચડીએફસી બૅન્કે લાગતીવળગતી બૅન્ક સાથે ગઠબંધન કર્યું હશે.

  આવા બધા ચેકો માટે રાબેતાના ખર્ચ ઉપરાંત ગ્રાહકને પ્રતિ ચેક રૂ. 50/-નો ચાર્જ કરાશે.

  જ્યાં ત્વરિત ચુકવણી આપવામાં આવી હતી ત્યાં, ચેક પરત અને ચેક ચુકવણી વિના પરત પર વ્યાજ ચાર્જ કરાશે જેની વિગતો નીચે મુજબ છેઃ

- જો ચેક ચુકવણી વિના પરત થશે તો એસબી વ્યાજ દર સહિત પ્રવર્તમાન ટીટી સેલિંગ કાર્ડ દર લેખે ખાતાને તરત જ ડેબિટ કરાશે ઉપરાંત ત્વરિત ચુકવણીની તારીખથી ખાતાને ડેબિટ કર્યાની તારીખ સુધીની મુદત માટે 2%નો ચાર્જ કરાશે.
- ફૉરિન કરન્સી ચેકો માટે લાગુ થવાપાત્ર ચેક પરત ખર્ચ વસૂલ કરાશે.

5. વળતર નીતિ (કમ્પનસેશન પૉલિસી) - વિલંબિત કલેક્શન માટે વ્યાજની ચુકવણી

વળતર નીતિના ભાગ રૂપે જો જમા આપવામાં ઉપર જણાવેલ સમય સીમા કરતા વધુ મોડું થાય તો કલેક્શન ઈન્સ્ટ્રૂમેંટ્સની રકમ પર ગ્રાહકને વ્યાજ ચુકવવામાં આવશે. ગ્રાહક તરફથી માગણી કર્યા વિના વ્યાજ ચુકવવામાં આવશે.

a. બહારગામના ચેકના કલેક્શનમાં જે તે કિસ્સા મુજબ 7/10/14 દિવસના સામાન્ય નિર્ધારિત સમય કરતા વધુ સમય વિલંબ માટે બચત ખાતાનો દર.

b. જે કિસ્સામાં આ વિલંબ 14 દિવસથી વધારે હોય તેમાં સંબંધિત મુદત માટે બાંધી મુદતની થાપણ પર લાગુ દરે વ્યાજ ચુકવવામાં આવશે.

c. અસામાન્ય વિલંબ થવાના કિસ્સામાં એટલે કે 90 દિવસથી વધારે વિલંબ થવા પર સંબંધિત ટર્મ ડિપૉઝિટ દર કરતા વધુ 2% દરે વ્યાજ ચુકવવામાં આવશે.

કેટલાંક સ્થળોએ કે જ્યાં બૅન્કની શાખાઓ નથી ત્યાં ઈન્સ્ટ્રુમેન્ટને કલેક્શન માટે સીધી ડ્રૉયી બૅન્કને મોકલાશે અથવા પ્રતિનિધિ બૅન્ક મારફત મોકલાશે. કલેક્ટિંગ બૅન્ક એટલે કે એચડીએફસી બૅન્કને રકમ મોકલવામાં ડ્રૉયી બૅન્ક દ્વારા જો કોઈ અન્યાયી વિલંબ થાય તો કામકાજના 14 દિવસો પછી એચડીએફસી બૅન્ક ગ્રાહકને કોઈ વળતર આપવા માટે જવાબદાર નથી.

ડ્રૉયી બૅન્કો દ્વારા વિલંબિત થયેલા ચેકો બાબતમાં, ડિમાન્ડ કરવા પર બૅન્ક ગ્રાહકોને શેર/સૂચિત કરશે.

ફૉરિન કરન્સી ચેકોના વિલંબિત કલેક્શન માટે વ્યાજની ચુક્વણીઃ

ફૉરિન કરન્સી ચેકોના કલેક્શનમાં વિલંબ થવા પર વ્યાજની ચુકવણીના રૂપમાં ગ્રાહકોને વળતર અપાશે. કથિત કલેક્શન પીરિયડથી એક અઠવાડિયાથી વધુ વિલંબ થાય એવા કિસ્સાઓમાં, ગ્રાહકો પાસેથી કોઈ ભાગ કર્યા વિના આવું વ્યાજ ગ્રાહકને ચૂકવાશે.

ચેકની વસુલાત પર ગ્રાહકના ખાતામાં જે ખરેખરી રકમ જમા કરવામાં આવી છે એના પર વ્યાજ ચૂકવાશે. જેની વિગતો નીચે મુજબ છેઃ

- વસુલાતની સંમત તારીખથી 30 દિવસો સુધીની વિલંબિત મુદત માટે બચત ખાતાનો દર
- જ્યાં આ વિલંબ 30 દિવસથી વધુનો હોય ત્યાં સંબંધિત પીરિયડ (90 દિવસો સુધી) માટે બાંધી મુદતની થાપણ માટે લાગુ થવાપાત્ર દરે વ્યાજ ચૂકવાશે.
- અસાધારણ વિલંબ એટલે કે 90 દિવસથી વધુનો વિલંબ થાય તો એવા કિસ્સામાં અનુષાંગિક બાંધી મુદતની થાપણ દરથી 2% વધુના દરે વ્યાજ ચૂકવાશે.

કેટલીક કરન્સીઓ માટે એચડીએફસી બૅન્ક કલેક્શન માટે કોઈ પ્રતિનિધિ બૅન્ક વ્યવસ્થા નથી ધરાવતી. આવા ઈન્સ્ટ્રુમેન્ટો કલેક્શન માટે ડ્રૉયી બૅન્કને ''કલેક્શન-બેઝિસ'' પર સીધાં જ મોકલી આપવામાં આવે છે. ઉપરોક્ત વળતર નીતિ આને આવરી લેતી નથી કારણ કે આવા ચેકોના વસુલાત માટે કોઈ ચોક્કસ સમય મર્યાદા નથી.

6. બહારગામના ચેકોની તાત્કાલિક જમાઃ

બૅન્કની વર્તમાન નીતિ મુજબ ગ્રાહકની વિશિષ્ટ વિનંતી કરવા પર અથવા આઇબીએ મૉડેલ ચેક કલેક્શન નીતિ અનુસાર અગાઉથી કરાયેલી ગોઠવણ મુજબ બહારગામના કલેક્શન ઇનસ્ટ્રૂમેંટ સામે તાત્કાલિક જમા પૂરી પાડવામાં આવે છે.

BSCBI એ તારીખ 23 ફેબ્રુઆરી, 2007 ના પત્ર નં. D.O. BCSBI.No. 1585/03.01.001/2006-07 દ્વારા આઇબીએની મૉડેલ પૉલિસી પર કેટલાંક નિરીક્ષણો અને સૂચનો કરતા જણાવ્યું છે કે બધા જ પાત્ર ખાતાધારકોને આવા ખાતાના સંતોષપ્રદ સંચાલનને આધીન નિર્દિષ્ટ રકમ સુધી તાત્કાલિક ક્રેડિટ પૂરી પાડવી જોઈએ.

વ્યક્તિગત ખાતાધારકોને ₹. 5000/- સુધીના બહારગામના ચેક માટે તાત્કાલિક જમા નીચે જણાવેલા માપદંડો આધારે પૂરી પડાશે.

ક. પાત્રતા માપદંડો

1. ચેકનું મૂલ્ય ₹. 5000/- થી વધારે ન હોવું જોઈએ.
2. લાભાર્થી(બેનિફિશિયરી) નું એકાઉન્ટ ઓછામાં ઓછું 1 વર્ષ જૂનું હોવું જોઈએ.
3. ગ્રાહક દ્વારા છેલ્લા 6 મહિનામાં તેના ખાતામાં જારી કરાયેલા કોઈપણ ચેક રિટર્ન ન થયા હોવા જોઈએ.
4. ઑફર કરાયેલા પ્રોડક્ટ અનુસાર છેલ્લા 2 ત્રૈમાસિક માટે સરાસરી ત્રૈમાસિક પુરાંત (એક્યૂબી) જાળવી રાખી હોય.
5. ઓવરડ્રાફ્ટ/લોન ખાતાને તાત્કાલિક ક્રેડિટ સુવિધા નહીં આપવામાં આવે.
6. આ પહેલા તાત્કાલિક જમા હેઠળ ખરીદેલ કોઈપણ ચેક કલેક્શન માટે આઉટસ્ટેન્ડિંગ/પેન્ડિંગ ન હોવા જોઈએ અથવા ચુકવણી થયા વગર પાછા (અનપેઇડ રિટર્ન) ન ગયા હોવા જોઈએ.

ખ. આ સુવિધા માત્ર એ ચેકો માટે જ આપવામાં આવશે જે એચડીએફસી બ્રાન્ચ લોકેશનો પર લખાયેલા હોય.

સામાન્ય ચેક કલેક્શન ચાર્જિસ લાગુ થશે.

ચેક રિટર્ન્સ તથા તાત્કાલિક ક્રેડિટ આપવામાં આવી હોય એવા અનપેઇડ રિટર્ન થયેલા ચેકો પર વ્યાજની વસૂલી:

ક. જો ચેક અનપેઇડ રિટર્ન થાય તો ચેકનું મૂલ્ય એસબી વ્યાજ દર ઉપરાંત મુદત માટે એટલે કે તાત્કાલિક ક્રેડિટની તારીખથી સીએમએસ દ્વારા ખાતામાંથી ડેબિટ કરાયાની તારીખ સુધી 2% ચાર્જ સાથે તાત્કાલિક ખાતામાંથી ડેબિટ કરવામાં આવશે.

ખ. બૅન્ક પાસે પર્યાપ્ત ફંડ્સ ન હોવા સિવાય ગ્રાહકને તાત્કાલિક ક્રેડિટ અપાયાની તારીખથી ઇન્સ્ટ્રૂમેંટ રિટર્ન થયાની તારીખ સુધી કોઇ વ્યાજ ચાર્જ નહીં કરવામાં આવે.

ગ. બહારગામના ચેકો માટે લાગુ ચેક રિટર્ન ચાર્જિસ લેવામાં આવશે.

7. સ્થાનિક / બહારગામના ચેકોની ખરીદી

બૅન્ક તેની મુનસફીએ ગ્રાહકની વિશિષ્ટ વિનંતી પર અથવા પહેલાથી કરાયેલી ગોઠવણ મુજબ કલેક્શન માટે ટેન્ડર કરાયેલા સ્થાનિક/બહારગામના ચેક ખરીદી શકે છે. ખાતાના સંતોષજનક કારભાર ઉપરાંત ચેક લખનાર (ડ્રોઅર) ની સદ્ધરતા પણ ચેક ખરીદતી વખતે ધ્યાનમાં લેવાનું પરીબળ બનશે. બધી જ શાખાઓ ચેકની ખરીદી પર અપાયેલ અધિકૃતતાના મોજૂદ પ્રતિનિધિમંડળ અનુસાર આંતરિક માર્ગદર્શિકા અનુસરશે.

8. ટ્રાન્ઝિટ/કલીઅરિંગ પ્રક્રિયામાં અથવા પ્રદાતા બૅન્કની શાખામાં ખોવાઇ ગયેલા ચેક/ઇનસ્ટ્રૂમેંટ્સ

કલેક્શન માટે સ્વીકારવામાં આવેલ ચેક અથવા ઇન્સ્ટ્રૂમેંટ ટ્રાન્ઝિટ દરમિયાન અથવા પ્રદાતા બૅન્કની શાખામાં કલીઅરિંગ પ્રક્રિયા દરમિયાન ખોવાઇ જવાના કિસ્સામાં:

1. બૅન્ક તે ખોવાઇ જવાનું ધ્યાનમાં આવે કે તરત જ ખાતાધારકને તેની જાણ કરશે.

2. બૅન્ક દ્વારા ગ્રાહકને ચેક લખનાર (ડ્રોઅર) પાસેથી ડુપ્લિકેટ ઇન્સ્ટ્રૂમેંટ મેળવવા બનતી બધી જ સહાય કરવામાં આવશે, જેમકે ચેક ખોવાઇ ગયાનું સર્ટિફિકેટ આપવું ઇત્યાદિ.

ટ્રાન્ઝિટ દરમિયાન ખોવાઇ ગયેલા ઇન્સ્ટ્રૂમેંટ સંદર્ભે બૅન્ક તરફથી ગ્રાહકને નીચે જણાવેલી રીતે વળતર આપવામાં આવશે:

ક. કલેક્શન માટે નિર્દિષ્ટ સમય સીમા (જે તે કિસ્સા મુજબ 7/10/14 દિવસ) પશ્ચાત ઇન્સ્ટ્રૂમેંટ ખોવાઇ ગયાની સૂચના ગ્રાહકને આપવાના કિસ્સામાં ઉપર નિર્દિષ્ટ દરોએ નિર્ધારિત મુદતથી ઉપરની મુદત માટે વ્યાજ ચુકવવામાં આવશે.

ખ. આ ઉપરાંત, ડુપ્લિકેટ ચેક/ઇન્સ્ટ્રૂમેંટ મેળવવામાં અને તેના કલેક્શનમાં થઇ શકતા વિલંબની જોગવાઇ રૂપે બૅન્ક તરફથી ચેકની રકમ પર વધુ 15 દિવસ માટે સેવિંગ્સ બૅન્ક વ્યાજ ચુકવવામાં આવશે.

ગ. બૅન્ક દ્વારા ગ્રાહકને ડુપ્લિકેટ ચેક/ઇન્સ્ટ્રૂમેંટ એવી કોઇ બૅન્ક/સંસ્થા પાસેથી મેળવવાના હોય જે ડુપ્લિકેટ ઇન્સ્ટ્રૂમેંટ આપવા માટે શુલ્ક લેતા હોય તો તે મેળવવા માટે થતા વાજબી ખર્ચા (રૂપિયા પાંચસો સુધી) નું ગ્રાહકને વળતર આપવામાં આવશે.

9. ઇન્સ્ટ્રૂમેંટ અમાન્ય (ડિસઑનર) થવું

જો કલેક્શન માટે સ્વીકારવામાં આવેલો ચેક પેઇડ થયા વિના રિટર્ન થાય તો બૅન્ક તરત જ ચેકની વેલ્યૂ ગ્રાહકના ખાતામાં ઉધાર કરશે. ગ્રાહક સાથે કરાયેલી વિવિધ ગોઠવણ મુજબ બૅન્ક એ મુદત માટે વ્યાજ વસૂલ કરશે જેમાં બૅન્ક પાસે ભંડોળ ઉપલબ્ધ ન હોય અને/અથવા પ્રતિ ઇન્સ્ટ્રૂમેંટ દરે જ ગ્રાહકને રિટર્ન ચાર્જિસ તરીકે લાગુ થાય છે.

બૅન્ક દ્વારા ગ્રાહક સાથે કરાયેલી ગોઠવણ આધારે પરત મેમો અને રિટર્ન સ્ટેટમેંટ કે જે ટ્રાન્ઝેક્શન લેવલ વિગતો ધરાવે છે તેના સહિત રિટર્ન ચેક ઉધાર કર્યાની તારીખથી 2 કાર્યકારી દિવસની અંદર સોંપવામાં અથવા મોકલી દેવામાં આવશે.

10. કુદરતી આપત્તિ

જો બૅન્કના નિયંત્રણ બહારની કોઇ અણધારી ઘટનાને લીધે (જે આ સુધી સીમિત ન રહેતા તેમાં સામેલ છે; સામાજિક ધમાલ, ઇરાદાપૂર્વક કરાયેલી ભાંગફોડ, હડતાળ, બંધ અથવા કામદારોની અન્ય કનડગત, અકસ્માત, આગ, કુદરતી આપત્તિ અથવા અન્ય કુદરતી સંકટ, લડાઇ, બૅન્કની અથવા તેની પ્રતિનિધિ બૅન્કની સુવિધાઓને નુકસાન થવું, સંદેશાવ્યવહારના સામાન્ય માધ્યમોની અથવા દરેક પ્રકારના પરિવહન ઇત્યાદિની અનુપસ્થિતિ) બૅન્ક નિર્દિષ્ટ સેવા પૂરી પાડવાના માપદંડોની અંદર તેની જવાબદારીનું પાલન ન કરી શકે તો વિલંબિત ક્રેડિટ માટે ગ્રાહકોને વળતર આપવા બૅન્ક જવાબદાર નહીં ઠરે.

સેવા ખર્ચ

ખોલાવેલા બધાં જ નવા ખાતાઓ એક પત્રિકા ધરાવતાં હશે જેમાં મેળવેલી કોઈપણ સેવા માટે વિવિધ પ્રકારની સેવાઓ અને એના માટે બૅન્ક દ્વારા લેવાતા ખર્ચની વિગતો આપેલી હશે. ગમે તે સમયે બધા જ ગ્રાહકોને અપડેટેડ સેવા અને શુલ્કની પત્રિકા ઉપલબ્ધ કરાશે. સેવાઓ અને શુલ્કમાં કરાયેલા ફેરફારને એ ફેરફાર અમલમાં આવે એના એક મહિના પહેલાં અગાઉથી સૂચિતકરાશે.

મેલી/ફાટેલી નોટોની બદલી

બૅન્ક ગ્રાહકો/બિન-ગ્રાહકો પાસેથી મેલી/ફાટેલી નોટો સ્વીકારીને બદલી કરી આપે છે. આરબીઆઈના નોટ રિફંડ રૂલ્સ અનુસાર વ્યાખ્યાઇત આવી નોટોની સ્વીકૃતિની પ્રક્રિયા સાથે વળગી રહેવા માટેના પરિપત્રને બધી જ શાખાઓમાં સર્ક્યુલેટ કરવામાં આવ્યા છે.

બૅન્કની બધી જ શાખાઓ મેલી નોટો, ગંદી નોટો અને ફાટેલી નોટો, અનકરંટ કૉઇન્સ ઈનટૂ નોટ્સ અથવા કૉઇન્સ સહિતના કૉઇન્સને બદલી આપવાની સગવડ ઑફર કરે છે. બદલીની પ્રક્રિયા આરબીઆઈ નોટ રિફંડ રૂલ્સ મુજબ હશે.

એટીએમ કાર્ડ/ડેબિટ કાર્ડ હૉટ લિસ્ટિંગ

બૅન્ક પોતાની ફોનબૅન્કિંગ ચૅનલ મારફતે દિવસના 24 કલાક અને શાખાની ચૅનલમાંથી ગ્રાહક કલાકો દરમિયાન એટીએમ કાર્ડ/ડેબિટ કાર્ડ હૉટ લિસ્ટિંગની સૂચનાઓને સ્વીકારશે. જ્યારે પણ કાર્ડ જારી કરવામાં આવે ત્યારે ફોનબૅન્કિંગ નંબરો ગ્રાહકોને ઉપલબ્ધ કરાશે અને બધી જ શાખાઓ નંબરો સાથેની વિગતવાર પત્રિકા ધરાવે છે.

પેન્શન ખાતાઓ

બૅન્ક કેટલાક લાભો સાથે પેન્શનરો માટે સ્પેશ્યલ ઉત્પાદન ઑફર કરે છે. ઉત્પાદન શું ઑફર કરે છે એની વિગતો બધી જ શાખાઓમાં ઉપલબ્ધ છે.

બેઝિક સેવિંગ્સ બૅન્ક થાપણ ખાતાઓ

બૅન્ક શુન્ય ઈનિશ્યલ પે-ઈન અને શુન્ય સિલક ખાતા સાથે બધી જ બેઝિક બૅન્કિંગ સગવડો સાથેનું બેઝિક સેવિંગ્સ બૅન્ક ડિપોઝિટ ઍકાઉન્ટ ઑફર કરે છે. ઉત્પાદન શું ઑફર કરે છે એની વિગતો બધી જ શાખાઓમાં ઉપલબ્ધ છે.

ફૉરિન એક્સચેંજ સેવાઓ

બૅન્ક પોતાની ચૂંટેલી શાખાઓ મારફતે બધા જ ગ્રાહકોને ફૉરિન ઍક્સચેંજ ઉત્પાદનો અને સેવાઓની બહોળી શ્રેણી ઑફર કરે છે. ફૉરિન એક્સચેંજ મૅનેજમેન્ટ ઍક્ટ 1999 (ફેમા) હેઠળના નિયમો અને વિનિયમોને આધિન રહીને બધાં જ ફૉરિન ઍક્સચેંજ વ્યવહારો હાથધરવામાં આવે છે.

વિવિધ બૅન્કિંગ વ્યવહારો માટેનાં સમયનાં ધોરણો

દરેક પ્રકારના વ્યવહારો માટેનો વ્યવહાર પ્રોસેસિંગ ટાઈમ બધી જ શાખાઓમાં ઉપલબ્ધ છે.

નિમ્ન સમય ધોરણો નિર્દેશાત્મક છે અને પ્રત્યેક શાખા/લૉકેશન દ્વારા હાથધરવામાં આવતા વૉલ્યૂમ્સ અને પીક/નૉન-પીક પીરિયડને આધારે એ ફેરફારને આધિન છે.

ક્રમ.	ટ્રાન્ઝેકશનનું નામ	લેવામાં આવતો સમય
1.	ટેલર કાઉન્ટર પર રોકડને જમા કરવી	3થી 5 મિનિટ
2.	ટેલર કાઉન્ટર પર રોકડનો ઉપાડ	3થી 5 મિનિટ
3.	ડિમાન્ડ ડ્રાફ્ટ્સ/મૅનેજર્સ ચેક્સ ઈશ્યૂ કરવા	7થી 10 મિનિટ
4.	ડિમાન્ડ ડ્રાફ્ટ્સ/મૅનેજર્સ ચેક્સનું પેમેન્ટ	7થી 10 મિનિટ
5.	ફિક્સ્ડ ડિપોઝિટોનું વળતર	5 મિનિટ
6.	નવું ઍકાઉન્ટ ખોલાવવું	10થી 15 મિનિટ
7.	ચેક્સનું કલેક્શન	

A)	લોકલ	સંબંધિત ક્લિયરીંગ હાઉસના રૂલ્સ મુજબ
B)	આઉટસ્ટેશન, શાખાનાં લોકેશનો પર ડ્રૉ કરેલા	લોકેશનને આધારે 7થી 14 દિવસ.
C)	આઉટસ્ટેશન, જ્યાં અમે કૉરસ્પોન્ડન્ટ બૅન્ક ટાઈ અપ ધરાવીએ છીએ ત્યાં નૉન બ્રાન્ચ શાખાઓ પર ડ્રૉ કરેલા	કામકાજના અધિકતમ 14 દિવસ
D)	આઉટસ્ટેશન, જ્યાં અમે કૉરસ્પોન્ડન્ટ બૅન્ક ટાઈ અપ નથી ધરાવતાં ત્યાં નૉન બ્રાન્ચ શાખાઓ પર ડ્રૉ કરેલા	કામકાજના અધિકતમ 14 દિવસ
E)	ફૉરિન	વૅલ્યૂ ડેટથી 2થી 16 ઈન્ટરનેશનલ કામકાજના દિવસો

*વૅલ્યૂ ડેટ એ બૅન્કના નોસ્ટ્રો અૅકાઉન્ટની જમાની તારીખ છે.